# કરિક્યુલમ ડેવલપર

અભ્યાસક્રમ વિકાસકર્તા (કરિક્યુલમ ડેવલપર) એક પ્રશિક્ષિત શૈક્ષણિક વ્યાવસાયિક છે જે સૂચનાત્મક અને શીખવા માટેની યોગ્ય સામગ્રીઓ તૈયાર કરે છે જેનો ઉપયોગ શિક્ષકો વર્ગખંડોમાં શીખવાના હેતુ માટે કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે બીજાઓને શીખવામાં મદદ કરવાનું પસંદ કરો છો
- તમે અન્ય લોકો સાથે વાતચીત કરવાનુ ગમે છે
- તમે વિગતો પર ધ્યાન આપો
- તમને સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું ગમે છે

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨૦,૦૦૦ થી ૨,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in**ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતકની ડિગ્રી મેળવો, ત્યારબાદ શિક્ષણમાં B.Ed. / ડિપ્લોમા કરો અને ત્યારબાદ શિક્ષણમાં અનુસ્નાતક (M.Ed.)ની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક કરિક્યુલમ ડેવલપરનું અંદાજીત માસિક વેતન **રૂ. ૨૫,૦૮૯ થી ૮૩,૪૦૦*** જેટલું હોય છે.

સ્રોત:https://www.payscale.com/research/IN/Job=Curriculum_Developer/Salary/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે ખાનગી અથવા સરકારી શાળાઓમાં, તેમજ શૈક્ષણિક બોર્ડ/સ્વૈચ્છિત સંસ્થામાં કામ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણઃ** સંસ્થાઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દિવસમાં ૮ થી ૯ કલાક કામ કરે છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર હોય શકે છે. શિફ્ટ સિસ્ટમ ઉપલબ્ધ હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ શિક્ષણ વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.**

સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગર
૨. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
૩. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૪. એમ.એસ.યુ., વડોદરા
૫. ઈવિંગ ક્રિશ્ચિયન કોલેજ, અલ્હાબાદ
૬. ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ડિસ્ટન્સ એજ્યુકેશન એન્ડ ઓપન લર્નિંગ, શિમલા
૭. મહંતદર્શનદાસ મહિલા મહાવિદ્યાલય, બિહાર
૮. પ્રાદેશિક શિક્ષણ સંસ્થા, અજમેર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. આચાર્ય જગદીશ ચંદ્ર બોઝ કોલેજ, કોલકાતા
૨. બાબુ બનરસી દાસ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, ગાઝિયાબાદ
૩. બાબુ બનરસી દાસ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, લખનૌ
૪. બેંગલોર સિટી કોલેજ, બેંગલુરૂ
૫. બોની ફોઇ કોલેજ, ભોપાલ
૬. બોરા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સાયન્સ, લખનૌ
૭. ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન, સુરત
૮. ભોપાલ સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સ, મધ્ય પ્રદેશ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

### ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

### ઓનલાઈન અભ્યાસક્રમો

- NPTEL * સ્વયમઃ https://onlinecourses.swayam2.ac.in/arp20_ap12/preview
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

## અપેક્ષિત પ્રગતિ પથ

જુનિયર શિક્ષક/ અભ્યાસક્રમ વિકાસકર્તા → પ્રાથમિક શાળા અભ્યાસક્રમ વિકાસકર્તા → વરિષ્ઠ અભ્યાસક્રમ વિકાસકર્તા

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કરિક્યુલમ ડેવલપર, કરિક્યુલમ ઈન્સ્ટ્રક્ટર, કરિક્યુલમ ડિઝાઈનર

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**મેલોડી જોહ્નસન** એક અભ્યાસક્રમ વિકાસકર્તા છે અને યુડેમી સાથે સંકળાયેલા પ્રશિક્ષક છે. ૧૦ વર્ષથી વધુના અનુભવ સાથે, મેલોડીને સામાન્ય શિક્ષણ અને વિશેષ શિક્ષણ બંને શીખવવા માટે પ્રમાણિત કરવામાં આવે છે. તેણી માત્ર માતાપિતા માટે જ નહીં, પણ બાળકો માટે પણ સાક્ષરતા અભ્યાસક્રમો વિકસાવવાનું પસંદ કરે છે. તેણીએ પ્રારંભિક બાળપણ શિક્ષણ અને વિશેષ શિક્ષણમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરેલ છે.*

સ્રોતઃ https://www.udemy.com/user/melodyjohnson2

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.